રમણ સુંદરી.

નાટકનાં ગાયનો

વાંકાનેર "આર્યહિત વર્ધક"
નાટક કંપનીને માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ દેવશંકર
તથા
ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર
વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલેકો.

આવૃતિ પેહેલી–પ્રત એક હજાર.

"દેશી મિત્ર" પ્રેસ, સુરત.

સંવત ૧૯૫૭ સને ૧૯૦૧

કીમત. ૦–૨–૦

પાત્રોનાં નામ

ધીરસિંહ	ચંદ્રનગરનો રાજા.
કૃષ્ણાબા	ધીરસિંહની રાણી
રત્નસિંહ	ધીરસિંહનો કુંવર.
સુંદરીકા	ધીરસિંહની કુંવરી.
ચતુરસિંહ	ધીરસિંહનો ભાણેજ.
વિલાસી	ધીરસિંહના રાજ્યનો નીમકહલાલ મશ્કરો
નંદલાલ	ચંદ્રનગરનો વણીક.
ઝમકુ	નંદલાલની નવી સ્ત્રી
ગંગા	નંદલાલની જુની સ્ત્રી
મોતીચંદ	ચંદ્રનગરનો નગરશેઠ
જાલમસિંહ	અમરપુરનો રાજા
રમા	જાલમસિંહની રાણી
રમણસિંહ	જાલમસિંહનો કુંવર
વસંન્તીકા	જાલમસિંહની કુંવરી
હમીર	રમણસિંહનો હજુરી.

દાસ, દાસીઓ, પુરવાસી, સિપાઈ, વારાંગનાઓ વિગેરે.

રમણ સુંદરી નાટકનો ટૂંક સાર.

અંક ૧ લો.

જવનીકા ઉપડતાં સર્વ પાત્રો જયનાદ સાથે ચમત્કારી રચ નાથી આરતી ઉતારતાં ઇશ્વર સ્તુતી કરે છે.

૧ રસ્તામાં રમણસિંહ પોતાના પીતાના અન્યાયને ધીક્કારતો હમીર નામના હજુરી સાથે ઉભો છે. ત્યાંથી ચતુરસિંહ સુંદરીકાને ફસાવવા માતાને મંદીર જવા નીકળે છે. તેની પાછળ રમ ણસીંહ સુંદરીકાને બચાવવા જાય છે. આ સર્વ હકીકત જોનાર વિલાસી રમણસિંહને મદદ કરવા અને ચતુરસિંહને સપડાવવા તેની પાછળ જાય છે.

૨ માતાને મંદીરે સુંદરીકા સખીયો સહીત ગરબો ગાય છે. ચતુરસિંહ આવી સખીયોને ભયથી નસાડે છે. સુંદરીકાને પકડે છે. રમણસિંહ વીલાસીની મદદથી સુંદરીકાને છોડાવે છે. ત્યાંથી પ્રેમીના પ્રેમની શરૂઆત થાય છે. સુંદરીકા ચાલી જાય છે. અને રત્નસિંહ આવી રમણુસિંહનો ઉપકાર માની પોતાને ત્યાં મીજમાન થવા આજીજી કરી સાથે લઇ જાય છે.

૩ મેહેલમાં રાજા ધીરસિંહને ચતુરસિંહ તમારા કુંવરે વેરીનો સતકાર કર્યો અને સુંદરીકા પણ તેનેજ વરાવશે એમ કહી

શંકામાં નાખે છે. ધીરસિંહ તેનો તપાસ કરવા જાય છે. પાછળથી સુંદરીકા પોતાના પીના નીચના ભંભેરવાથી ઉસ્કેરાયા ધારી પશ્ચાતાપ કરે છે. ત્યાં વીલાસી આવી ચતુરસિંહનાં કાવતરાં જાહેર થયાના અને તેને દેશપાર ર્ક્યાના ખબર આપે છે. વળી રમણસિંહને મળવાની યુકતી બતાવી નંદલાલના ઘરનો કંકાસ મટાડવા જાય છે.

૪ નંદલાલ શેઠની જુની નવીનાં દુરાચરણ માટે અફસોસ કરે છે. વિલાસી ત્યાં આવી છુપાય છે. નવી પોતાના છોકરાને રમાડતાં પોતાનાં પાપ જાહેર કરે છે. ત્યાં તેને આધીન થયેલો નંદલાલ આવે છે. નવી તેને ધમકીઆપે છે. નંદલાલ માફી માગે છે. બન્ને સ્ત્રીયો પાસેથી દાગીના માગી દીકરાની વહુને ચડાવવા નંદલાલ ધારે છે. નવી કંકાસ કરે છે. અને જુની આપે છે. વિલાસી નંદલાલને નવીનાં કાળાં કામ સ્લેશમાં જાહેર કરી ચાલ્યો જાય છે.

૫ રમણસિંહને રાજમાં લઇ જવા હમીર હઠ કરે છે. રમણસિંહ રોકાવાની વૃતી જણાવે છે. વિલાસીની યુકતીથી સુંદરીકા ઝવેરી થઇ આવે છે. કેટલીએક વ્યંગ વાતો કરી વરવાનું વચન લઇ પ્રગટ થાય છે. બાદ પ્યારભર રજા લઇ જુદાં પડે છે.

૬ વસતીકા પોતાની સખીયો પાસે જર્મનીની કેલવણીની બડાઇ કરે છે. રમણસિંહના આગ્રહથી રત્નસીંહ સાથે આવેલો વિલાસી ત્યાં આવે છે. વસંતીકા તેને કિન્ડર ગાર્ડન બતાવે છે. પાછળથી વિલાસી તેની સખીયો સાથે ગમ્મત કરે છે.

૭ જાલમસિંહ પોતાના કુંવરપર દુશ્મનથી મીત્રાચારી કરી

માટે ગુસ્સે થાય છે. રાણી રમા તેને વારે છે. રમણસિંહ પોતાના પીતાનું કહેવું નહીં માનતાં રત્નસિંહથી મીત્રાચારી શરૂ રાખે છે.

૮ વસંતીકા બગીચામાં પોતાની સખીઓ સાથે વિનોદ વાત કરે છે. રત્નસિંહ તે સાંભળે છે. એક દ્રષ્ટી થાતાં બન્નેનાં ચીત્ત પ્રેમમય બને છે. પ્રેમચેષ્ટા કરે છે. અને વીતેલો પ્રસંગ યાદ રાખવા પરસ્પર સુચવી બન્ને પ્રેમી જુદાં પડે છે.

અંક બીજો

૧ ધીરસિંહ પાસેથી ધીક્કાર પામેલો ચતુરસિંહ જાલમસિંહને ભંભેરવાના વીચાર કરતો ચાલ્યો જાય છે. ખાનગી બાતમી લાવવા રત્નસિંહ તરફથી રહેલ વીલાસી તેના વીચાર સાંભળી જાલમસિંહના દરબારમાં ચતુરસિંહની પાછળ જાય છે.

૨ જાલમસિંહની કચેરીમાં વિલાસી ગવૈયો થઇ આવે છે. ચતુરસિંહ જાલમસિંહને રત્નસિંહ સાથે વસંતીકાની પ્રીતી જણાવી ઉસ્કેરે છે. જાલમસિંહ ક્રોધીત થઇ જનાનામાં જાય છે વિલાસી સઘળું સાંભળી ચતુરનું પાપ પ્રગટ કરવા પ્રયાસ કરે છે.

૩ જાલીમસિંહ કુંવરી કુંવરને ધમકી આપે છે. રમા વચ્ચે પડે છે. બચ્ચાં બેધડક બોલે છે કે ધીરસિંહનું કુટુંબ નીરદોશ છે જેથી જાલમસિંહ રમણને દેશવટો દે છે. વસંતીકાને કેદ કરે છે અને ધીરસિંહના રાજ ઉપર ચડાઇ કરે છે.

૪ નંદલાલની નવી ગુલાબસિંહ સાથે મદીરામાં મસ્ત બની મોજ કરે છે. ગુલાબસિંહને ખરચી માટે ગઠો આપે છે. દારૂની બેભાનીમાં ગઠો પડી જાય છે. તે છુપાએલા વીલાસીને હાથ આવે છે. છોકરાને રડતો સાંભળી રંગમાં ભંગ થવાથી નવી મારી નાખે છે. ગુલાબસિંહ તેને ધીક્કારી ચાલ્યો જાય છે. વિલાસી પુરાવાનો ગઠો લઇ ચાલ્યો જાય છે.

૫ સુંદરીકા સખીયો સાથે ગરબો ગાય છે ત્યાં દેશવટો પામેલો રમણસિંહ તંબોળી રૂપે આવે છે. કેટલીએક શ્લેશમાં વાત કરી પ્રગટ થાય છે. સુંદરી ભેટયા પછી શરમાય છે. જેથી સખીયો જાય છે. પછી બન્ને પ્રેમી પરસ્પર ધીરજ આપી જુદાં પડે છે.

૬ ચંદ્રનગરના પાદરમાં જાલમસિંહ આવી ચતુરસિંહના કહેવા મુજબ પોતાના લશ્કરને ઉશ્કેરી ધીરસિંહના કુટુંબને કેદ કરવા જાય છે.

૭ ધીરસિંહ તથા તેની રાણી બચ્ચાંપર વાતસલ્યતા દરસાવતાં રત્નસિંહ પાસેથી જાલમસિંહની રાજ્ય વ્યવસ્થા સાંભળે છે. જાલમસિંહ આવી સર્વને કેદ કરે છે. સુંદરીકાને ચતુરસિંહ સાથે વરાવા કહે છે. ચારે કેદી તેને ધીક્કારે છે. જેથી જાલમસિંહ રાજા રાણીને દેશનીકાલ અને કુંવરી કુંવરને કેદ કરી ચતુરસિંહને તેની દેખરેખ સોંપે છે.

૮ નંદલાલને ઘેર ઉઠવણે આવેલાં માણસો બેઠાં છે. ત્યાં નંદલાલ આવે છે. નવી તેની પાસે જુનીનો દોષ જાહેર કરે છે. જેથી સત્યવાદી જુની નાકબુલ થાય છે. પછી નંદલાલ મોતીચંદ પાસે ન્યાય કરાવવા જાય છે.

૯ સુંદરીકા તથા રત્નસિંહને કેદ થયલાં જાણી ખેદીત થયેલો વિલાસી ચતુરસિંહ સાથે મળી સુંદરીકાને મનાવવાની લાલચ આપી નીશાની માટે તેની વીંટી લઇ જેલમાં સુંદરીકા પાસે જાય છે.

૧૦ જેલમાં સુંદરીકા વીતેલી વીપત્તી યાદ કરી પશ્ચાતાપ કરે છે. ત્યાં વિલાસી આવી પેહેરેગીરને નીશાની બતાવતાં નશાધીન કરી સુંદરીકાને નસાડી પોતે સુંદરીકા બને છે. કામાંધ ચતુરસીંહ આવે છે. વિલાસી લાજમાં વાત કરી પ્યાર બાંધી ઘોડો બનાવી પોતે સ્વાર થાય છે. અંતે ચતુરસિંહ ચેતીને વિસ્મય થાય છે. પડદો પડે છે.

અંક ત્રીજો.

૧ સુંદરીકા જંગલમાં તેના માતપીતાને મળી દીલાસો આપે છે ત્યાં રમણસિંહ મળવાથી તેની સાથે પાપીનું પાપ પ્રગટ કરવા જાલીમસિંહના રાજ્યમાં જાય છે.

૨ રાણી રમા પુત્રી વસંતીકાને છોડાવવાની તજવીજ કરે છે રાજા ચતુરસિંહના ભંભેરવાથી વસંતીકાની તપાસ માટે જાય છે. અને ચતુરનાં પાપ જાહેર કરવાની ચાવી રાણીને હાથ આવે છે.

૩ વિલાસીની મદદથી છુટેલો રત્નસિંહ વસંતીકાને છોડાવી તેની મા પાસે લઇ જાય છે. પાછળથી જાલમસિંહ આવી વસંતીકાને નહીં જોવાથી ગુસ્સે થઇ રાણીને શીક્ષા કરવા જાય છે.

૪ રમણસિંહ તથા સુંદરીકા અરીમર્દન સરદારને મળે છે. સર્વ એકસંપ થઇ જાલમસિંહ પાસે ચતુરનાં પાપ પ્રગટ કરવા જાય છે. અને વીલાસી નંદલાલના ઘરનો કજીઓ પતાવા જાય છે.

૫ મોતીચંદ શેઠે નંદલાલનો ન્યાય કર્યો. તે જોઇ વીલાસી શા બાશી આપી પુરાવો હાજર કરે છે. સર્વ નવીને ધીક્કારી જુનીને ધન્યવાદ આપે છે.

૬ ગુસ્સે થયલો જાલીમસીંહ રાણી વિગેરેને ધમકી આપે છે ત્યાં સર્વ મળી ચતુરનાં પાપ જાહેર કરે છે. જાલમસિંહ પસ્તાય છે. રમણ ચતુરને મારે છે સર્વ ધીરસિંહને શોધી તેનું રાજ સોંપવા વીચારે છે.

૭ સખીયો સાથે સુંદરીકા વિનોદવાત કરે છે. રત્નસિંહ આવે છે. વસંતીકા સીવાય સહુ ચાલી જાય છે. પાછળ રહેલાં પ્રેમી જોડાંનો મીઠો શ્રંગારરસ ઝળકે છે.

૮ બન્ને કુમારો તથા બન્ને કુમારીયો ધીરસિંહને મળે છે. ધીરસિંહ તથા જાલમસિંહ કુમારોને રાજ સોંપી સન્યસ્ત ગ્રહણ કરે છે. શાન્તી. શાન્તી. શાન્તી.

રમણસુંદરી નાટકનાં ગાયનો.

અંક ૧ લો

ગાંધર્વો તથા અપ્સરાઓ (૧)

જય જય શીવશંકર ત્રીપુરારી જય અઘહારી ત્રીભુવન તારી
રૂષિજન મનવારી અખીલ ઉધારી સુર નર ભક્તિ કરે તારી

ગાંધર્વો—જગપટમાં જન નાટક ધારી અદ્દભુત રસ રંગ ભર્યા ભારી
સત્ પડદાવાલી ભૂમી વિશાળી, સંગીત સ્વરની લ્હે તાળી.
ભવભેદ વિચારી ભક્તિ ઉચ્ચારી, ભાવક ભાળી લ્હે તારી.

અપ્સરાઓ—કરૂણાના સાગર નટવર નાગર ભવજલ ગાગર જયકારી
આજન નાટક રમણ સુંદરી, કુલીન પાત્ર આ હંસ દૂધ ગ્રહી
શ્રોતા જન સહુ સોર શ્રવણ કરી સનનન સનસન
અંતે સત્ય ધરમ જયકારી, ભવ ઉતરી જાવા ડગલું ભરી
જન મંડળનાં જીગર સર્વ હરી રસપાઇએ સત્ સુખદ ઘડી
થનનન થનથન ઝનનન ઝનઝન સનનન સનસન—૧.

વિલાસી— (૨)

જુવો જુવો યારો જગત જળ ખાડી, ડૂબે દુનિયાં દાડી
લે જીવ બે સુમાર, પવનની પ્રપંચી સપાટી પર ચાલે
ફરેબી હોડીયો હજાર, અરે વાહઃ વાહઃ ભલા કહોની કોઇ યારો

કંઇ આપે છે બાઇ કહે બોર, રહે બેસી મોં ચોળી જવ લુટે છે.
લુંટારાં કે લુચ્ચા ચોર, ખરો કાયદો! નગદ વાયદો! તેમાં ફાયદો
છે અલાયદો, મારે પહેલાં જે લાત, કરે પાછળથી વાત
ફાવે દુનીયાની સાથ, તેવી હંકારો હોડી મતલબની સફરમાં
સોદાગર થઇ જાવો તૈયાર.

સુંદરીકા તથા સખીઓ (૩)

આવો આવો સાહેલી વ્હેલી વ્હેલી.
જુવો જુવો કોયલડી પેલી ઘેલી, પીયુ પટાવતી, રીતે રીઝાવતી
સુખે મનાવતી ચી-તે ચળાવતી, વિરહણી વિકાસતી વિલાસથી ડરેલીએ
પ્રિત રીત છે અટપટી ભોગી મન ભરમાય, પ્રેમીનીજ પ્રસાદીને
ખરથી નહીં ખવાય
ઉડે બહારશી અનંગની વીહંગમાં, રંગે રમે રસીયા શું રામા રસીલી-
રસે રમતી નવેલીરે ઉમંગમાં; જોબન ડાળે ઝુલતી પ્રેમ હીંચોળા ખાય,
વિષ વાયુ વનીતા લહે શીત સુધારસ પાય, જો જો જીગર ઉડીને જાએ
જોબનવંતી જુવતી છોડી, પ્રીત રાગ પરાગ વીછોડી છુટી પડી એ જોડી
કોયલડી કયાં કયાં દોડી, નહીં ભાળ મળી હાથોડી—આવો

રત્નસિંહ (૪)

આ અમપુર પાવન પ્રિતે કરી રહો અતીથી રીતે અમઘર
નરવર સુખકર દુઃખહર, મુદભર અવસર આવીતે. આ.
સર્વે—ચરણુ રહીને શરણુ ચહીને તરણુ ગ્રહીને દશનમાં
રમણુસિંહ—ધ્યાન ધરીએ ભાવ ભરીએ મૈત્રી કરીએ સહુ હીતે

સર્વે—ફીકર જાણી કરૂણા કરીને આ અરજી લ્યો આપ ચિ-તે
સર્વે—મળતાં, હળતાં, કરશું, દ્રષ્ટી, શુધ્ધ સોનાને આદિતે

સુંદરીકા (૫)

નહીં ચેન કંઇ દીન રેન જેમઘેલી બની ગોવાલણી.
વેણું તણા મૃદુનાદથી મુરલીધરે મુરખી ગણી.
શું શું હશે શું શું થશે મન ભ્રમણુતા વધતી ઘણી
જીવ એક મન બીજે પડેલું એવી હાલત હા બની

સુંદરીકા (૬)

ખીલી જોબનની કળી કરમાઇ જાય છે, પિયુ ભમરા વિનાની વેલી
ઘેલી થાય છે
ઝુલે જુવાનીમાં ડોલતી ડાળીએ, રસિયા વિનાની મુંઝાઇ જાય છે;
પ્રેમીના પંથનો જે ગ્રંથ ગુંથેલો રસીલો; નહીં ભેદુ વિના પરખાય-
પ્રિતી પુષ્પવેલો
જોડી વિના જુવાનીનો જુવોની રંગઝરો; ઝરે છે પ્રેમહીણો પ્રિત.
કુવામાં અધૂરો ! જઇ ભેટું રસીયાને રમણી હું દીલે એમ થાય છે. પિયુ

ઝમકુ (૭)

પ્યારા પોઢી જા પોઢી જા મારા બાલ, સુઇ જા મારા લાડુલા
તને પોઢાડું સ્હેજ પલંગ! હાં! હાં! હાં! તને ઓઢાડું સાલ વિરંગ
વાલધીરા, કુળહીરા, મુજ વીરા, સુઇજા બાપુ ચુમ્બન આપું.
હેં હેં હેં—ચાંદાપોળી બેટા ઘીમાં ઝબોળી, ખવરાવું ખંતે હું પ્રીતે
અમોલી, ચુરમું હું દઉં ઘીમાં ચોળીરે બેટા સુઇ જા પ્યારા.
ગાંડીયો મારો ડાયો પાટલે બેસી નાચો ! ઓ, હાં:

ઝમકુ (૮)

મારે સ્વામી છતાં તે રંડાપો રે બાપજી, જુનીતું જોર ન માય

નંદલાલ—મારૂં ઘર ગધેડે ચડયું રે માવડી, નંદલાલ નરકે જાય

વિલાસી—જાય જાય, ઘરનું ધોલીકું થાય, મોકાણું નિત્ય મંડાય

ગોળાનું પાણી સુકાય! ઘર ફીટે ઘર જાય! મારે.

નંદલાલ—જોઇ ચોરી મેં જાત, રાંડ નીકળી કુજાત

ગંગા—અરે લ્યોને દાગીના હું આપું છું નાથજી ઘરમાંથી જે પાપ જાય.

નંદલાલ.....................મારૂં ઘર ગધેડે ચડયું રે માવડી

વિલાસી—હોય શેઠ હોય એતો બે બૈરીનો લાવો અંદર ગુલાબસિંહ

નો દાવો.

ઝમકુ——અરે મેર પીટયા વાંઝીયા

વિલાસી—ફુટ ત્યારે છાજીઆં.

ઝમકુ—હાય તને, હાય તને, હાય, હાય, હાય. મારે સ્વામી.

સુંદરીકા— (૯)

પ્યારા પ્રીતેથી આપું છું; શુધ્ધ ચિ-તેથી આપું છું.

તમે પહેરોને વીંટીરે મારા પ્રાણ, રાખજો રૂદયમાં--પુરણજતનમાં

રમણ—વાહ કીધો આભાર અપાર, કુલીન ગુણવાન.

સુંદરીકા—ખરા પ્રેમીની ખાતર, આપું મનની હું મટકી, શશીની પાછળ જેમ કુમુદીની, મરે માથું પટકી પટકી.

રમણ— (૧૦)

રે પ્રાણદાન લ્હો પ્રેમદા પ્રીતે, સ્નેહ સ્વીકારો સંગ ધરી.

સુંદરીકા—પારસમણી પાસે બેસી પ્રિયતમ, થાઉં કંચન રૂપ ખરી.

રમણ— .... આ પ્રેમ બ ગીચે પ્રિત મળી

સુંદરીકા— ....ખીલી મુખડાની પ્રેમ કળી

રમણ—...... .... ખીલતી તન ડાળે ઝુલે ઠરી

સુંદરીકા—શી સુગંધ દેતી જાય, ચિન્તડું ચંચળ થઇ ચમકાય.

રમણ—ચટપટ થાય, ચપળ કળાય, પંખી ઊડતાં નાં અથડાય વળી.

સુંદરીકા—પ્રિતીનો ચીલો જોઇ, ચાલે જો જુવતી જોડી

રમણ—પ્રેમીના પંથો કેરૂં, જાણીતું સ્થાનક વેરી.

સુંદરીકા—પ્રેમ વાયુની લ્હેરો લેતાં.

રમણ—ચાલે ન થાકે વહેતાં વહેતાં.

સુંદરીકા—વિકટ વાટના વચનો દેતાંઃ

રમણ—મારગ ઊલંઘે જન કહેતાં.

બન્ને સાથે—ચાલો પડીએ પ્રેમ પંથમાં, અમૃત ફળ લેતાં પ્રિય સુંદરી ! રે પ્રાણ.

વસંન્તીકા— (૧૧)

ગુંથો ગુંથણી બાળઃ બાળ બાગના બ્હારમાં.
બાર બાર તૈયાર ! બાળક આવો હારમાં.

વસંન્તીકા તથા સખીયો— મનહર રાસ રમો મન ખાસ ગમો, કર મધુર રાસ ધરીરે.

અરસપરસ બસ સરસ સરસ, ગીત ગાઓ સાથ ફરીને
રંગીન સંગીન દોર જોરથી ! પકડો સર્વે સાથ
તાલ વ્હાલથી આપ માપથી, કીડીનકા ધીની કીટ હાથ-મનહર.
ચારચોકડી ભાત દાખવો! રંગીન સંગીન રંગ
ઊલટ પુલટ ફરતાં ! છોડીઆ રંગ ઊમંગ —મનહર

વિલાસી— (૧૨)

તાલ જામ્યો પામ્યો હું પુરણ પ્રેમ દીલદાર !

હવે માનો મોજીલી મુંને ભરથાર !
દાસીયો—જાને પાજી અરે જાને પીટયા પાજી કરે પતરાજી ગાજી
વિલાસી—વશીકર આંખ રૂપાળી ! ભામીની તું ભાવથી ભાળી.
હસી દે હાથમાં તાળી.
દાસીયો—હવે છેક તેં હદવાળી નફ્ટ તું નાક વીનાનો !
વિલાસી—કપટી ચુપ હેવાનો. મારૂં લાત નાદાનો !
દાસીઓ—એ પાપી ખર, છુટાકર, અમપર, મયાકર, દીલમહીં ડર
ઘર ખાંતે થાશે ખુવાર ! તાલ જમ્યો.

જાલમસિંહ (૧૩)

જા જા તુજ મુખ દુર કરરે ! ઝળ ઝળ પ્રગટે જોઇ ઝાળ.
હળી મળી અરીસંગ ! કર્યો ઊમંગ ભંગ !
રમણ—વીચારી જુઓ મન ! અરી નથી એ સુજન
રાણી—જળો ગતી તજો શાને સિધા સામે ટેડા ચાલો. તુજ.
જાલમ—ચરર ચરર ચિત્ત ચીરાય ચીરાય
લુણશાને લગાડી પ્રજાળો ! નહીં નહીં બાળો !
રમણ—નરવર વાતમાં વીચાર સાર એમ ઊર ધારીએ.
રાણી— આખર તનમન ધન પરીજન સહુ ફના ફના છે. તુજ.

(૧૪)

વસન્તીકા—ખીલી જોબન જુવતીની ફુલવાડીરે !
રસરંગી કળીયોની શી લાલીરે ! ખીલી.
વેલે વેલે કુસમ છે ! પરાગમય નવરંગ
અલગ અલગ ખુશ વાસ છે ! જેને જેવો સંગ
લેતી મીઠી સુગંધી મદવાલીરે ! ખીલી.
દાસીયો—સાહેલી શાણી તારી આ શી આતુરી
આ શી આતુરી સારી નીરખી ચાતુરી

પરાગી પુષ્પે મોહ્યા મધુકર.
વદી કાં વાણી અધુરી વાહ વાહ. આ શી.

રત્નસિંહ— (૧૫)

વાહ ખુબ ખીલી મધુરી કળી સુંદરી રસીક પરાગે ભરી.
લચકતી ઠરી, ગઇ તરૂલળી, શીનવયૌવન મદભરી.
રસીલી કળી જોઇ અલી ફરરરરરરરર સરરરરરરરર.
ઉડે તરૂવર વળીરે અહાહા. વાહ ખુબ.
પવનની લપટ વીષે પુરભરી, બગીચે ધુમી રહી ચીત હરી.
શી ચટક અજબ આ બ્હાર, સ્યો રંગ ભર્યો ગુલજાર.
શાફરે શોકીનો લાલ, મનોહર ફાલ, આવ્યો યોવન રતુનો
હર ઘડી.
અરરરર સરરરરરરર મળું કયારે હું હાલ સુંદરી પરીરે.
અહાહા વાહ.

વસન્તીકા— (૧૬)

યાદ કરજો વ્હાલા, લટકાળા લાલા બોલો કાલા દીન દાસીના
દીન દાસીના આ પ્રેમ પ્યાસીના. યાદ.

રત્નસિંહ—મેરૂથી મોટી છે અણુંથી છોટી છે પ્રેમદા પ્રીતીની
રીતી નિદાન
લાખેણી લાણીને, જાણી પ્રમાણીને, હાણીસું માણીસું!

વસંન્તીકા—વિલાસીવા. દિન દાસીના.
વૃક્ષ વિનાની વેલડી, કાય વિનાની છાંય.
વાહાલા વીણુ વનીતાતણી. ગતી બરાબર થાય. યાદ.

રત્નસિંહ—કપુર મરીમાં ઠરી રહે, અળગું ઉડી જાય.
જુવતી આ જીવડા તણી, તમવીણુ તે ગતી થાય. યાદ.

અંક ૨જો.

વિલાસી— (૧૭)

ભવસાગરમાં ગોથાં ખાતું, મુરખ મન મલકાયેરે.
ભાઇ ધાર્યું વણીતું થાયેરે, જળ પોટા સમ જગત બીચારૂં
તેમાં મારૂં તારૂં રે, અભીમાન મુકી દે માનવ ખલક થશે તુજ ખારૂં રે.
સારૂં પરતું દેખી સ્યાને, ઘટમાં ઉઠે ગાજીરે, પ્રાણ ગયા પછી
પાછળ પીંડને.
ફીટફીટ થાશે પાજીરે, ઉત્તમ ગુણ અમરતના છોડી વાવે તું વીખ વેલીરે
જોને કઇક ગયા તુજ જોતાં, મુકી માન હવેલીરે. ભવ–

દરબારીઓ— (૧૮)

જય જય દરબાર શૂરવીર સરકાર દાતાર. જય જય જય જય.
આધાર, ભુપાળ, સરદાર, વિસ્તારી તારી કિર્ત્તી જગમાં જયકારી.
ભુતળપર સરદારી, વારીં વારી છે સુખકારી, પવીત્ર પાળનારા.
જયદંડ ધારનારા, જશ અખંડ, આઆઆ. જગમાં જામો
જાલમસિંહ—જય.

વારાંગનાઓ— (૧૯)

સૌ ગાઓરે મતવાલી મધુરી ધીમે ધીમે—ધીમે ધીમે.
તા, ધીન ધીને–તા ધીન ધીને—નાચો સંગે, પ્રેમ રંગે.
સૌ ઉમંગે, મનહર મુરલી મન લોભાવે. તોમ તનનનન.
થોમ થનનન, છુંમ છનનન–મધુરી ગાયે રસીક રાગણીઓ છનનનન !
રસીલી સુંદરીઓ નાચે ઝુમ ઝનનનન–સલુણા શામળા શોખીલા
ઘુમે ઘનનનન રમે રસ કુંજમાં રસીક લાલ સનનનન. સૌ ગાઓરે

જાલમસિંહ— (૨૦)

મારા અંતરમાં ઝાળ આ ઉઠી, હઠીલી નારે પ્રેમ ઝુડી લુંટી.
પ્રીતી દોરી હા તુટી, લજ્જા મારી ખૂટી! મારી કિર્તી હાય વછુટી. મા.
પેટડું ફાટયું ત્યાં તે પાટો હું શી રીતે બાંધું, સુજે નહીં કંઇ સાન.
ભુલાવ્યું મુજ ભાન, પાપી શાં સંતાન, ઓ ઇશ્વર મારૂં આ શું ધાર્યું.
કુળ સંહાર્યું, સાગર અંદર આગ ઉઠી, હાઅવળી ખુંટી!
કીરતાર દે આ વાર સદ્ બુદ્ધિ. મારા—

વસંન્તીકા— (૨૧)

જુવો અજબ જગત રંગે ઢોંગીલું જણાય. (૨)
સંત બીચારો ભૂખે મરે છે, લુચ્ચો ઠગારો મોજ કરે છે.
હણે બકરી ને નહીં વાઘને મરાય, જુઓ.
નાના મોટા કોઇ ન રહેવાના, ટાણું થયું કે ચાલ્યા જવાના,
ઉગે રવી તો પ્રભાત સાંજે અસ્ત થાય જુવો—

વસંન્તીકા— (૨૨)

પ્યારા પીતા પ્રીત વીસારો કાં, ઉછેરીને ઉર વીદારો કાં
રાણી—જનેતા ઝેર દીયે, બાલુડાં કોને કીયે.
વસંન્તીકા—એવી મતી ઉરમાં ધારો કાં. પ્યારા.
જાલમ— વ્યાધી વિષધર વેરીને, વધવા નહીં દેવાય.
વામી વૃધ્ધી પામતાં, પોષક પેહેલાં ખાય.
રાણી—વેણોનાં બાણ મારો કાં.
વસંન્તીકા—ઉછેરી ને ઉર વીદારો કાં. પ્યારા.
રમણ—રામ નામ રટ માવડી, એ મુજને છે સ્હાય.

જેહ વસ્યા વલકલ ધરી, વરસ ચૌદ વનમાંય.

રાણી—સહે ઉર વીયોગ તારો કાં.

વસંન્તીકા—ઊછેરીને ઉર વીદારો કાં. પ્યારા.

ઝમકુ— ૨૩

બ્હાલા વીરહી કરોને વિલાસ.

વિલાસી— ધિઃક પડયો માનખ્ખો, રાંડ ગાંડીના લેને ગ્લાસ. ધીઃક

ગુલાબસિંહ—સાકરયા શરબત ને નળનું છે પાણી.

ઝમકુ—પ્રીતીની પુરી નીશાની. વાહઃવાહ

વિલાસી—હવે મરી જાઓ. હવે બળી જાઓ. હવે ટળી જાઓ.

ઝમકુ—પ્રીયે લ્યો પ્યાલી.

ગુલાબ—વા વાલી દે તાલી.

વિલાસી—ધિઃક પડયો માનખ્ખો. બ્હાલા વીરહી.

વિલાસી— ૨૪

દુનીયા ન્યારી ન્યારી, શાણુપણુની સાચી બલીહારી.

જુઠો જગમાં ફાવી જાય, હર ઠામ ઠામપર, રંગઢંગ ચાલાક બની

ઢાંગી ઢાંગ કરી પાખંડી કરતા ખુવારી. દુનીયા.

છે આ જગમાં આડંબર, ધરપચ, સરપચ, રંગરંગમાં માન લેતી.

લુચ્ચી ટોળી સાચા મરશે વીણુ મોતથી રોજ હુન્નર હારી.

દુનીય.

ફરેબની ફક્કડ જીંદગાની, લુચ્ચાની દીવાળી માની.
ઢોંગ સોંગની મજા મનાણી, બાકી સઘળાની છે હાની.
દર દરબારે ભભકા ભારે, રંગ ઉડાડે વેશ વધારે, શોખ. સુધારે.
દુખન ધારે, સાચ પ્રજાળે, જીવડા શોખીન ભારી. દુનીયા.

સખીયો— (૨૫)

યોવન ઘેલી ભાન ભુલેલી, પ્રેમ પગેલી છેલી છકેલી!
નવેલીરે શોભે સખીયોના સાથમાં!
વેણી સમ વીષધર થવા! ચાલે ઘસતા પેટ!
ફંદ માગવા કોકીલા! વસતી વનમાં નેટ!
નીરખીએ રામાની નાશીકારે! શુક રહે વનફળો ખાઇરે!
હસ્તી શીરે ધૂળ ધારે! પીન ઉરો પેખીનેરે!
ક્ષણુરે મલકાતી ને ક્ષણુ શરમાતી ગાતી ક્ષણે હરખાતી!
છેડલે છાતી છુપાવા જાય! પડસુલીસમ પેટ દેખાય
કટી કામનીની નીરખીને પાતળી! સિંહનો ગરવ સાવ ગયો
ગળી હો! વાહવાહ! ત્રીવેણી ન્હાતાં જે ફળ થાયે
તે ફળ દે તટ ત્રીવળીએ બાળની!
રંભ થંભ જંઘ જોઇ મુનીશ્વર રહે મોહી, પીંડી બાળની.
સમાન કામદેવની કમાન, રચી રૂપાળી વીધીએ બાળી.
છે હદવાળી ભાળી ભુતાળી નીહાળીરે!
નાખે નીત નજર નાથમાં. યોવન!

સુંદરીકા— (૨૬)

વાહાલા વીદેશી યાદી મારી ઉરે ધરજો !

રમણુ—પ્યારી પ્રીતી રીતી નીતી મગે અનુસરજો !

સુંદરી—માળા જપું પીયુ પીયુ રટું પુરી પ્રિતથી !

રમણુ—વિસારૂં ન વ્હાલી મારી મનોહારી ચિત્તથી !

સુંદરી—વારી વારી છબીલા રૂડે રૂપે રંગીલા !

રમણુ—બોલોદારા રસીલા બાંધે બનીને ખીલા !

સુંદરી—વારી વાહ !

રમણુ—ઠારી દાહ !

સુંદરી—માગો મન મોહનમારા મીઠી મરમાળી વાણી !

મોહનમારા મીઠી (૨)

રમણુ—પ્રિતી કેરૂં પાણી, પાઓ રંગીલી રાણી !

સુંદરી—ઠગારા વૃતી જાણી (૨)

રમણુ—ત્યારે દયોને !

સુંદરી—લાલ લ્યોને !

રમણુ—રજા દેશો !

સુદરી—રાહ લેશો ! માગો.

જાલમસિંહ (૨૭)

શૂરવીર બ્હાદુરો તન ચડાવો અંકૂરો;
શત્રુને કરો પુરો, સુલામથી.

લસ્કર—દેહ દાઝ ખાઇને, ગીત રસીક ગાઇને
આપશું વધારે શૂર નામથી, રંગ રંગ જંગ જામથી લહો
બળ વધારવું શુભ કામથી, શત્રને નમાવવો;
જય જગત જમાવવો, વજ છાપ મારવો દમામથી.—શૂર.

સુંદરીકા— (૨૮)

મનહર ખીલી રસીક ફુવવાડી! ખુશ રંગ-કળી સંગ!
ફુલ ઢંગ, નવરંગ, ગુલજારમાં, ફુલ બ્હારમાં. અહા ખીલી.
કળીયો ગુલાબની નરી, ખુશબો મહીં તે ભરી, બટ મોગરે હદ કરી
મધુ વનમાં, ગુલશનમાં, જન મનમાં, લ્હેકી લપટ ફુલ ભરી.
પવનમાં મળી, સુગંધી કરી, લાગે હરીયાળી. અહા ખુબ.

રત્નસિંહ— (૨૯)

અજબ રાજ ઉત્પાત અમલમાં, કલેશ વૃક્ષ છાયા;
જુલ્મ પવનની લાગે ઝપટ ત્યાં, જીવ છોડે માયા.
ન્યાય તણો ધૂળ કોટ ચણેલો, ઊડતો હર વખતે;
પ્રજાતણાં અન્નજળ લુંટાયે, હરે સરસ કાયા.
વૈભવ મોટો, શોખ ઘણો પણ, અવળે મારગ પળે;

ધિ:ક જીવતર એ ભુતળ સ્થળનું, જ્યાં સરખી જાયા.

રત્નસિંહ (૩૦)

બેગમના સમ વીષમ નિયમ, અધમ જુલમ તારા

સુંદરીકા—સિંહનું કુટુંમ્બ કેદ કરી, શીદ મારછ ઓ હત્યારા.

જાલમ—ગરવ સરવ ગાળું ગમાર;

વિરસિંહ તથા રાણી—ધરમ કરમ વામી વીચાર;

જાલમ—મારૂં માર બેસુમાર.

ધીરસિંહ તથા રાણી—નીતીની રીતીનો સમજ સાર.

રત્નસિંહ—થયા શુભ દીવસ ન્યારા. બેગમ.

ગંગા— ૩૧

સાચાનો બેલી છે સામળો !

ઝમકુ—હાય હાય સત્યવાદી કેવી છે સાંભળો !

ગંગા—ગુણ અવગુણને ગોતી ન જાણે ! કડવું સુધા મીઠી ગળો માને મન.

નંદલાલ—જેનાં ઉપર મેં રાખ્યો ભરૂંસો આંખો ફોડી કીધો આંધળો.

બધા—ધનસારી આંખે અંધાપો જાગ્યે સાચું જ તરસે જગ માકડો.

વિલાસી— ૩૨

ખોળી ખોળી ખલકમાં પ્રાણ હણું પલકમાં.

ચેત દુરીજન ખરતું ચેત ! અજર અમર નર.

મમ ઇચ્છા પુરી કર વખતસર દેવેત !

(નેપથ્યમાં) કર ધર હીંમત તું હથીયાર ગરૂડ ગુણુ સંગે !

અહી નાશ અંગે પરદુઃખપર કાજ.

અંતરમાં આણે દાઝ ! જાને તું ! શુરાઃ વીરાઃ કાર્ય

કરી લે !—ખોળી.

સુંદરીકા— ૩૩

મન હોડી દુઃખ દરીયે અથડાય ! તરકો કેરા અવળા વાયુવાય હાય(૩)
સુખના સઢ માંહે બહુ સાર પડયા છે ! શુધ્ધિ સુખાણુ ફરી જાય.
આકું એટ બળતરાનું નડે તે સંગે ! ભટકાઇ ભાંગી જાય. હાય !
માત પિતા થકી પડી વીખુટી ! વાહાલા વીયોગે લાગે લાય !
એ મળશે કે નહીં મળે એજ વીચારો, પળે પળે પલટાય. ! હાય.

વિલાસી— ૩૪

નખરાળે નેણે વ્હાલ ભર્યે વેણે મોહીને આવ્યા મોજ માણુવા.
યૌવન તુરીને પલાણુવા

ચતુર—વાહઃ વાહઃ

વિલાસી—અતી અનંગે રમવા રંગે.

ચતુર—આપો અધરપાન સ્વાદ જાણુવા બસ (૨) નખરાળે

વિલાસી—અળગા રહોરે વળગ્યા શું આવો પાલવે.

પ્યારીનો પ્યારો થશે હવે.

ચતુર—આવી કેવી ખટપટ. ભેટો ભેટો ઝટપટ

વિલાસી—શાણી મારી વાણી જાણી લ્યો લવે. નખરાળે.

વિલાસી— ૩૫

છું ઘોડે અસ્વારરે છું ઘોડે અસ્વાર હું તો છું ઘોડે અસવાર (૩)
ચટચટ હાંકું ઝટઝટ હાંકું. મારૂં ચાબખ ચાર. હું તો છું.

ચતુર—ઉહુંહુંહું આમ કાં !

વિલાસી—લે પ્યારના ચાબખા.

ચતુર—માર ત્યારે માર વેગે દરશન દે દીલદાર, તારા આશકનું-

મન ઠાર મારી નાજુકડી તું નાર. હું તો છું.

વિલાસી—કામી કપટી પરમાં લપટી, ખાંતે થાતા ખુવાર

ચતુર—આ તો વાગે છે!

વિલાસી—બાઇ ડાઢી તારી માગે છે! લે તો જાને લાડવો,

તું કાળાં કૃત્ય કરનાર, ઘાસ ચણ્યા ખાને ખુબ ઘોડા,

માથે જુતી માર.

ચતુર—આવો પ્યાર.

વિલાસી—ચુપ ગમાર. હું તો છું.

અંક ૩ જો

સુંદરી— (૩૬)

દીનમણી દુઃખનો ઉગ્યો! દારૂણ તાપેંથી તાવવારે
નીરાશા કમળોને ખીલાવી! આશા કુમુદ ખીલતી અટકાવી
ભટકાવી ભુમીમાં ભાવ્યું ભાવીને આધીન થઇ ભાવવારે. દિન.
વિપત્તીના વનનું પોષણ કરવા સંપત્તિ સલીલને શોષી હરવા
મનચકવા વ્યાધી ચકવીના વેગેંથી વિયોગને નસાવવારે. દિન.

કૃષ્ણાબા— (૩૭)

કરી સુનો આ ઉછંગ; ઉડો કાં ઓ વિહંગ (સ્વપ્નામાં બોલે છે)

સુંદરી— (૩૮)

•સંગ લેશોજી લેશોજી ના નહીં કેહેશો મુખે

રમણ—નાજુકડી નાર મુજ હૈયા હાર, રણની મોઝાર કષ્ટો અપાર
સુંદરી—કહું સ્વામી શીર નામી રણ જામી રહુ પામી શરણ આપનુ
શોભાવું માતા પેટ એવી ઉર હામ પુરીછે મને
રમણ—ધન ધન તરૂણી ધરણી તલમાં રમણી નમણી ને અલબેલી
સુંદરી—મુખડું નીરખું હું પળ પળમાં લટકે મટકે બની છું ઘેલી
રમણ—ચાલો ઝટપટ કટકટ કટકટ કટકા કરવા અરી ઉરના !

કૃષ્ણાબા— (૩૯)

હાય મન ભવ દરીયામાં ગોથાં ખાતું જાય ચાલ્યું
ડોલતું હાય નિહાળું ઉડતું હાય ચાલ્યું કાળ પવનની લાગે સપાટી
હાયરે મન.
મોજાંમાં ઉછળવા લાગ્યું આખર અંતર અંદર વાગ્યું !
ભાગ્યું નહીં પણ તૂટયું લાગ્યું. હાય ડૂબશે પ્યારૂં મારૂં—ભવ.
મગરો તર્ક વિતર્કના ગળવા ફાડે મુખ આમ તેમ અથડાય છે પામી
પુરણ દુ:ખ—ભવ.

રમા— ૪૦

પાપી જા તું બ્હારે આ વારે ! કાળું તારૂં મોઢું બાળે
ચતુર—રાણી થાશે ભારે ! ન સહેવાશે ત્યારે !
રમા—સાચી વૃતી ધારે ! તેને ભય શું ભારે !
તારી પાપી વાણી બાળી. જા તું જારે જલદી બારે !

જાલમ— ૪૧

પેખી વામી હરામી કપટ કળા જાણી તુજ રાણી નફ્ટ લંપટ !
રમા—અધમને સંગ ધરમ કરમ શરમ ભરમ ખોશો !
જાલમ—છેતર્યો ખટપટ કરી તેં બાળકો ઉગારે મુજને તું મારે
રમા—તીક્ષણ કટારે હ્રદય વીદારે બોલો આવા

જાલમ—બસ પ્રપંચ કર માં એ પાખંડી ક્રુર દુર ખસ વામી.

રત્નસિંહ— (૪૨)

વિપતનું વાદળું વ્હાલીઃ વિપળમાં કેવું વિખરાયે !
ગગન ગમ જોને જુવતીરે ! ધુમાડા રૂપ થઇ જાયે !
શિતળ શાંન્તી પવન કેરી ! સપાટે ચોટ લાગી છે
છુટી ધારા હરખ મેહની ! ધિરજધર મન ડર કાંયે !
બની ધનઘોર રાતલડી ! લૂંટારા ડુબતા. તારા.
નશીબનો ચંદ્ર ઉગ્યો છે ! તિમીર ટળતું જુવો જાયે !

વસંન્તીકા— (૪૩)

રે આવું પ્રિતમજી હું સંગ ! પ્રાણ જેમ શોભે ચુંદ-
ડીયે શું રંગ !

હું પ્રિત કુંડમાંરે નવરાવું !

રત્નસિંહ—પ્રિતી પુરીઓ હું ખવરાવું !

વસંન્તીકા—પ્રેમી બીડલાં હું ચવરાવું !

રત્નસિંહ—બેસારૂં બાળા ઉછંગ !

વસંન્તીકા—વાલમજી આજે ઉમંગ ! —રે આવું !
નેહ નજરનાં નયનામૃતથી. નિત્ય નાહી નરનાર

રત્નસિંહ—ચાહ ચંદન પ્રીત પુષ્પ ચડાવી. ધરી મોદની માળ
ભજીશું પ્રેમ પ્રભુ કીરતાર. રે આવું

જામલસિંહ— (૪૪)

રાણી વામી છે અવળી ચાલે મારી નાર !
એ દુષ્ટાને હું પળમાં મારી કરૂં ઠાર !
ગતી મતી હારી. શઠ અવીચારી. મુદ હરનાર, ભય ભરનાર

રીપુને મળેલી ! મનની મેલી! ઘેલી થયેલી !
બાળ છટેલી. કેદ કરેલી. કાઢી મેલીરે.
મારૂં શીરે તલવાર. રાણી.

લશ્કરીમાણુસો— (૪૫)

શુરવીર બહાદુર સૌ રસરંગી. આવો આવો જગ જગ જંગી,
રણુવીર રણુધીર એકજ ઢંગી, થાઓ લડવા તૈયાર
શુર અજમાવો બળ બતલાવો, જય જય ગાઓ, સરખા થાઓ.
દુષ્મન હણુવા હથીયાર ધરો, ફટકાવો જાલમ જય જંગી, શુર.

નંદલાલ— (૪૬)

દુર દુર જાર નાર શરમ શરમ છે ધિઃકાર !

વિલાસી— અધમ કરમ કરણુ હાર, ધરમ ભરમ છોડનાર

ઝમકુ—હું ગમાર ભુલી નાર !

નંદલાલ—પારાવાર ફીટકાર !

વિલાસી—તરણુ વદન રદન ધરણુ મરણુ શરણુ પરણુ જા.

ઝમકુ—સાપણી ! પાપણી !

નંદલાલ—મુજ ઉર કાપણી. ભવ બગાડયો મારો રાંડે રાખી- નહીં કંઇ મણા

વિલાસી—ગુણથી કે અવગુણથી સૌનાં જીવડો એક ને ઘરાક ઘણાં.

ઝમકુ—હાય મરૂં ઝેર ખાઇ હવે હું તો !

નંદલાલ—હત્યારી નઠારી વ્યભીચારી નારી.

વિલાસી—વાયરે વાય નારી !

નંદલાલ—હાયરે હાચ હારી!

નંદલાલ—ગુલાબો માણુતો તો!

નંદલાલ—એતો હું જાણુતો તો! દુર.

વસંન્તીકા— (૪૭)

મુજ માવડી તું આવડી નમેરી થાયે કેમ. કરગાવડી પર રહેમ.

રમા—મુજ રહેમથી શું નીપજે તુજ ક્રુર તાતપાસ, કીરતારનો-
નહીં ત્રાસ.

રત્નસિંહ—નિતી તણો બેલી થશે બહુ નામીનો એ નેમ!. કર-

વસન્તીકા—ગુણ વિણ જેવું અન્ન છે તેવું પીતાનું મન,
ધિઃક પુત્રીનું જીવન.

રમા—બળવા વેળા જો આવશે ક્રોધી ચિતાની માંય, બળશું
ઝપલાઇ

રત્નસિંહ—મરજો પીતા પણ માત નહીં દુનીયા બોલે છે એમ

વસંન્તીકા—કર ગાવડીપર રહેમ!

જાલમસિંહ (૪૮)

નહીં નહીં ઝીલે ભુમી મારો ભાર! પાપીના પ્રસંગે બહુ પિડયાં પ્રેમી
જનને! બહુ દુભાવ્યાં બીચારાં બાળકોનાં મનને
કાયઓને શેષ દુઃખી થાય છે અપાર!
કીધાં પાપો પારાવાર મરૂં ખાઇને કટાર.


બધા—હત્યારા ન થાશો હણી હાથે નીજ કાયા!
પાપ સહુ ગયું દુર પુરા પસ્તાયા!
છોકરાં—વિસારો નાં બાળકોનો પ્યારા પીતા પ્યાર!
માફ કરશે મોરાર પ્રભુ નોધારા આધાર. નહીં.

(૪૯)

વંસન્તીકા—શશીમુખી શાને કહી મને છેલડા! વદો વદો ઘેલડા
બોલો અલબેલડા (૨)
રત્નસિંહ—શશી સરખું સુંદર તારૂં! નવલ નવોઢા મુખ!
વસંન્તીકા—જોયા જાઓ જાઓ ! શશી જેવી વધઘટ કયાં
છે મારા મુખમાં
રત્નસિંહ—ગાજ્યો તેં ગરવ વધે ઘટે તેના દુઃખમાં
વસંન્તીકા—વોય મરી ગઇ હાય
રત્નસિંહ—અરે વાહરે! વાહ માનો ને માનુની મારી;
વસંન્તીકા—જાણીજી જારી વીજારી!
રત્નસિંહ—નહીં વીજારી સોગન પ્યારી!
વસંન્તીકા—શશી માં ખાડો છે સ્યામ રંગ હાં
મારે મુખે દયો દેખાડી.
રત્નસિંહ—વિધુ માંહે ખાડો પાડી વીધીએ બનાવ્યું તારૂં મુખ
વસંન્તિકા—વાહ!
રત્નસીંહ—ચુમી આપો નાર.
વસંન્તીકા—હવે હયોને હૈયા હાર. છોને કહી મને છેલડા.
સર્વ પાત્રો— (૫૦)
આનંદ આનંદ આજે વ્યાપ્યો સ્થળ સ્થળમાં!

આનંદ તણાં દળપર દળ ફરે સહુ સ્થળ સ્થળમાં !
ભુમીના તળમાં ઠાલું ઠામ ક્યાંએ નવ દીસે !
જોતાં જઇ જળમાં, દળમાં તરૂ તણાં નગ નગ મગ મગ સહુ સ્થળ
સ્થળમાં. આનંદ.

મનમાં પ્રેમીના જામ્યો જયકારી, નવરંગથી ઉમંગથી
પરીપુરણ વ્યાપીઓ, જો ચિંતેથી પ્રિતીનાં રતી
વિસારી ગણી તડકાને છાયા સમ, વિપત્તી સંપતી ધારી
વનમાં તનમાં મનમાં સહી રહ્યાં આવી જેવી પળ સહુ સ્થળ
સ્થળમાં. આનંદ.



જાહેર ખબર.

નીચે મુજબ કિમ્મતથી નાટકના ઓપેરાની ચોપડીઓ જે સાહેબોને જોઇતી હશે તેને રોકડે પૈસે વાંકાનેર આર્યહિત વર્ધક નાટક કંપની પાસેથી મળશેઃ—

શૈલબાળા...નાટકના ઓપેરા........	૦-૨-૦
ઇન્દુમતી નાટકના ઓપેરા........	૦-૨-૦
જગતુસિંહ નાટકના ઓપેરા........	૦-૨-૦
ચંદ્રકાન્તા નાટકના ઓપેરા........	૦-૨-૦
નર્મદા નાટકના ઓપેરા........	૦-૨-૦
શૂરવીરશીવાજીનાટકનાઓપેરા	૦-૨-૦
પ્રેમચંદ્રિકા નાટકના ઓપેરા........	૦-૨-૦
સીતાસ્વયંવર નાટકના ઓપેરા........	૦-૨-૦
સત્યવાદી હરીશ્ચંદ્ર...ઓપેરા........	૦-૨-૦
કુમુદ કિશોરી નાટકના ઓપેરા........	૦-૨-૦
મહારાણા પ્રતાપના ઓપેરા........	૦-૨-૦
ગોપીચંદ નાટકના ઓપેરા........	૦-૨-૦
કેદારસિંહ નાટકના ઓપેરા........	૦-૨-૦
સતી સુંદરબાના...ઓપેરા........	૦-૨-૦

ઉપરના પુસ્તકો કંપનીના મુકામેથી મળશે. તેમજ ગુજરાતના તમામ નામીચા શહેરોમાં હમારી કંપનીના દરેક એજંટો પાસેથી મળશે—**વિનંતિ.**

ગ્રંથકર્ત્તા.